Founded in 1985

# MACHINE TOOLS MANUFACTURERS ASSOCIATION

**Highlights of Various Activities Initiated by MTMA**

- Organizing various Technology Up-gradation Programs
- Organizing various informative and awareness seminars at subsidized rates
- Group Participation of MTMA members in various Industrial Exhibitions at special prices
- Group visits of MTMA members in various National & International Industrial Exhibitions
- Organizing Rajkot Machine Tools Show (RMTS) with special prices for MTMA members
- Supports various Industrial Exhibitions
- Interactive meetings with various National & International delegations
- Distribution of Industrial Bearings at lowest possible prices exclusive for MTMA members
- Convey the voice of members to related Government bodies
- Social Contribution Activities
- Transparent administration


**MACHINE TOOLS MANUFACTURERS ASSOCIATION**
44 - Shivanand Complex, Near Mehta Petrol Pump,
Dhebar Road, Rajkot- 360002 (Gujarat - India)
+91 281-2238708 | +91 94274 10851
mtmarajkot@gmail.com
www.mtmarajkot.org
www.facebook.com/groups/165606853495237/


Year : 1 | Volume : 1 | Page : 40 | October 2019

A quarterly magazine for members of Machine Tools Manufacturers Association - Rajkot

Founded in 1985

# MTMA & YOU

*Let's grow Technocracy with Humanity*




AGM 2019

EM-Siemens PLM Conference





Japan & Taiwan Delegation visited MTMA

www.mtmarajkot.org

## Board of Directors



**YOGIN CHHANIARA**
PRESIDENT



**HARESH PATEL**
VICE PRESIDENT



**TEJAS DUDAKIYA**
HON. SECRETARY



**DEVAL GHORECHA**
JOINT SECRETARY



**KANAKSINH GOHIL**
HON. TREASURER



**SACHIN NAGEWADIA**
DIRECTOR



**BRIJESH SAPARIA**
DIRECTOR



**KARAN PARMAR**
DIRECTOR



**PIYUSH DODIA**
DIRECTOR



**ASHWIN KAWA**
DIRECTOR



**KETAN GAJERA**
DIRECTOR



**BIPIN SIDDHAPURA**
CO-OP. DIRECTOR



**RAJESH DODIA**
CO-OP. DIRECTOR



**GHANSHYAM PARMAR**
CO-OP. DIRECTOR



**JITEN RAVANI**
CO-OP. DIRECTOR



Year : 1 | Volume : 1 | Page : 40 | October 2019

A quarterly magazine for members of Machine Tools Manufacturers Association - Rajkot

# MTMA & YOU

*Let's grow Technocracy with Humanity*

Founded in 1985

**પ્રમુખ**
શ્રી યોગીન છનીયારા
(છનીયારા એન્જીનીયર્સ પ્રા.લી.)

**ઉપપ્રમુખ**
શ્રી હરેશ પટેલ
(સોલાર મશીન ટૂલ્સ)

**માનદ્ મંત્રી**
શ્રી તેજસ દુદકિયા
(ડોવેલ મશીનરી પ્રા.લી.)

**માનદ્ સહ-મંત્રી**
શ્રી દેવલ ઘોરેચા
(એક્યુરેટ મશીન ટૂલ્સ)

**માનદ્ ખજાનચી**
શ્રી કનકસિંહ ગોહિલ
(તારક મશીન ટૂલ્સ)

---

**માનદ્ તંત્રી**
શ્રી દેવલ ઘોરેચા

## અનુક્રમણિકા

| | |
|---|---|
| થોડું આ પત્રિકા વિશે | ૪ |
| જાહેરતના દર | ૪ |
| તંત્રી સ્થાનેથી | ૫ |
| પ્રમુખના વિચારો | ૬ |
| ચાલો વિચારીએ | ૮ |
| MTMA NEWS | ૧૨ |
| Useful Apps | ૨૭ |
| World Innovation | ૨૮ |
| સરકારી ગતિવિધિઓ | ૩૦ |
| Vision - Mission | ૩૧ |
| કાયદાકીય સલાહ સૂચનો | ૩૨ |
| ભૂતપૂર્વ બોર્ડ મેમ્બરની કલમે | ૩૩ |
| આમંત્રિત લેખકની કલમે | ૩૪ |
| MTMA કેલેન્ડર | ૩૬ |
| મશીન ટૂલ્સ એક્ઝીબીશન કેલેન્ડર | ૩૬ |
| છેલ્લે... એક નાની વાત | ૩૮ |
| MTMA કમિટી લીસ્ટ | ૩૯ |

Front Page Image:



**Skoda, Plzen, CZ (1951)**

**મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન**
૪૪, શિવાનંદ કોમ્પ્લેક્ષ,
મેહતા પેટ્રોલ પંપ ની બાજુમાં, ઢેબર રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૨
ફોન: +૯૧ ૨૮૧ ૨૨૩૮૭૦૮
મોબાઈલ: +૯૧ ૯૪૨૭ ૪૧૦૮૫૧
ઈમેલ: mtmarajkot@gmail.com
વેબસાઈટ: www.mtmarajkot.org

Follow us on
www.facebook.com/groups/165606853495237/

Disclaimer:
1. All the Statements, Opinions, Views, News, Articles, etc. appearing in this Magazine are the expressions of Contributors and either the Editor or the Association is not responsible for the same.
2. This Magazine is for private circulation only.

## થોડું આ પત્રીકા વિશે

MTMA & YOU, એટલે કે આપણું એસોસિએશન અને તમે. આ મેગેઝીન શરૂ કરવાનો મુખ્ય ઉદ્ધેશ આપણે સૌ મેમ્બરોને એસોસિએશન સાથે જોડવાનો છે. આ મેગેઝીન દ્વારા અમે આપની સાથે વિવિધ વિષયોને આવરી લઇ જોડવા માગીએ છીએ. આ ઉપરાંત અમારી કોશિશ એવી રહેશે કે નવી માહિતીઓ, જે મશીન ટૂલ્સ અને આપણા ડે ટુ ડે રૂટીન માટે ઉપયોગી હોય, એ પણ આપણે આપીએ.

આપ સૌને એક નમ્ર વિનંતી છે કે આ પત્રિકા આપના ટેબલ પર રાખવી, જેથી સમય મળ્યે, ત્રણ મહિનામાં આ પત્રિકા આખી વંચાઈ જાય અને અમારી આ પત્રિકા બનાવવાની મહેનત સફળ થશે અને તમને જીવનમાં ક્યારેક તો ઉપયોગી થશે જ. આ ઉપરાંત સૌ મેમ્બરોને અભિપ્રાય આપવા પણ વિનંતી છે જેથી આવનારા વર્ષોમાં આપણે આ મેગેઝિનને વધુને વધુ સારું બનાવી શકીએ. આપણું એસોસીએશન આપ સૌને આપના વિચારો, લેખ અને અન્ય માહિતી, જે આપણે સૌને ઉપયોગી થાય, તે મોકલવા પણ નમ્ર વિનંતી કરે છે, જે તંત્રી માન્ય કરશે તો આપણે છાપીશું.

એસોસીએશનએ આ મેગેઝીન માટે અત્યારે કોઈજ ચાર્જ કે લવાજમ રાખેલ નથી. આ મેગેઝીન નું વિતરણ મેમ્બર્સ સિવાય વિવિધ ચેમ્બેર ઓફ કોમેર્સ, જરૂરી એસોસીએશન, લાગુ પડતી વિવિધ સરકારી – બિન સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ કંપનીઓ વિગેરે માં વિના–મુલ્યે મોકલવા માં આવશે, જેથી કરીને આપણા એસોસીએશન અને એની કામગીરીઓનો ફેલાવો થાય. આપ સૌને આપના ઉદ્યોગ માટે આ મેગેઝીનમાં જાહેરાત આપવા ખાસ આગ્રહ છે. એ ઉપરાંત આપના ગ્રુપ માં પણ આ મેગેઝીન માટે જાહેરાત વધે એ માટે ઘટતું કરવા નમ્ર વિનંતી છે. આવનારા સમયમાં એસોસીએશન આપણા ઉદ્યોગ ને લગતી Enquiry માટે પણ વિચાર કરી રહી છે, જેનાથી સૌ મેમ્બર્સ ને વધુ માં વધુ લાભ આપી શકાય.

આશા છે આપ સૌને અમારો આ અભિગમ ગમશે અને વધાવશો..

### Advertisement Rates for MTMA & YOU, a Quarterly Newsletter

| Advertisement | Ad Size (WxH) (in cm) | Member Single Issue | Member Yearly (4 Issues) | Non Member Single Issue | Non-Member Yearly (4 Issues) |
|---|---|---|---|---|---|
| Full Page Inner | 18 x 25 | 6,000/- | 18,000/- | 9,000/- | 27,000/- |
| Half Page Inner | 18 x 12 | 4,000/- | 12,000/- | 6,000/- | 18,000/- |
| Quarter Page Inner | 8.5 x 11 | 2,500/- | 7,500/- | 4,000/- | 12,000/- |
| Visiting Card | 8 x 5 | 1,500/- | 4,500/- | 2,500/- | 7,500/- |
| Front Page Inner | 18 x 25 | 15,000/- | 45,000/- | 22,000/- | 66,000/- |
| Back Page Inner | 18 x 25 | 12,000/- | 36,000/- | 18,000/- | 54,000/- |
| Back Page | 18 x 25 | 18,000/- | 54,000/- | 27,000/- | 81,000/- |
| Bottom Strip in Inner Pages | 18 x 2 | NA | 45,000/- | NA | 60,000/- |
| Sponsor Back Full Page Ad. and Bottom Strip in Inner Pages | Strip 18 x 2 | NA | 90,000/- | NA | 1,25,000/- |

**નોંધ :** • જાહેરાત .cdr, .pdf અથવા .eps ફોર્મેટમાં આપવી.
• 5% GST અલગથી ચુકવવાનો રહેશે.
• પેમેન્ટ 'મશીન ટૂલ્સ મેન્યુફેકચરર્સ એસોસીએશન' રાજકોટના નામે આપવાનું રહેશે.
• જાહેરાત આપવા માટેનું ફોર્મ online પણ ઉપલબ્ધ છે. www.mtmarajkot.com/ad_form





## તંત્રી સ્થાનેથી...

### Change is Life (પરિવર્તન એ જ જીવન છે)

આ વાત એટલા માટે યાદ આવી કે અત્યારે આપણને દરેક જગ્યાએ મંદી, મંદી, મંદી જ દેખાય છે, ઘણે અંશે આ સાચું પણ હોઈ શકે, પણ જે પ્રમાણે આપણે કહીએ છીએ એવી મંદી તો નથી જ, નહીતો આપણી ઈકોનોમી ખરેખર ઊભી રહી ગઈ હોય, અને એટલે મને આજે 'Change is Life' ની વાત યાદ આવી.

આપણી આજુબાજુ જોઈએ તો પહેલા આપણને ઓટો-સેક્ટર દેખાશે, જેમાં આપણને 'મહાભયંકર' મંદી રીફલેકટ થતી દેખાશે, ઓટો-સેક્ટરની મંદીના ઘણા બધા કારણો છે એમાંનું એક મહત્વનું કારણ ટ્રાન્સફોર્મેશન છે. પણ એની સામે જે કંપની નવી પ્રોડક્ટસ વ્યાજબી ભાવે, નવા ફિચર સાથે, બેસ્ટ ક્વોલીટીવાળા વાહનો આપણી માર્કેટમાં લાવ્યા છે, તે વાહનો માટે બે થી છ મહિનાનું વેઈટીંગ છે, તો ઓટો સેકટરમાં મંદી ન કહેવાય પણ એક પ્રકારનું વેક્યુમ બન્યું છે, ચેન્જ થયેલી કંપનીઓએ બીજી કંપનીઓનું માર્કેટ ખેંચી લીધું છે. એટલે કે change બીજા નો ધંધો પણ ખેંચી શકે છે. હા, કુલ વેચાણ માં ચોક્કસ ફેર પડ્યો છે, પણ એને આપણે ગ્રાહકની સમજદારી પૂર્વક ની ખરીદશક્તિ કે નિર્ણયશક્તિ કહી શકીએ.

As a common man, આપણે ફિલ્મની વાત કરીએ તો સિનેમાનો યુગ ફરી ગયો, નવી વાર્તા, નવા કલાકાર, નવું સંગીત, નવું લોકેશન, વિગેરે... આપણે સૌ એ વસ્તુ જોવા જઈએ છીએ અને એક સાવ નવી ટીમની ફિલ્મ ને પણ કરોડો કમાવી આપીએ છીએ, કારણ? બસ એ જ... change. રાજકારણ, મોલ, મોબાઈલ જેવા અસંખ્ય ઉદાહરણ છે, જે change ને કારણે અત્યારે રાજ કરે છે. Nokia નું ઉદાહરણ તો આપણે સૌને ખબર જ છે. Google એ Nokia ને Android OS સાથે ફોન બનાવવા માટે જે તે સમયે ઘણી આજીજીઓ કરી હતી, પણ, તે સમય નું World Number 1, Nokia, તેની પોતાની Symbian OS ને મુકવા નહોતું માગતું, એણે આ change અને Android OS બંનેની અવગણના કરીને પોતાનો 'અહંકાર' એટેલે કે Symbian OS ને જ વળગી રહ્યું. આ મોકો Samsung એ ઝડપી લીધો, એ સમયે Samsung કદાચ ટોપ–૫ માં પણ નહોતું... અને આજે એ નંબર–૧ છે અને Nokia ટોપ-10 માં પણ નથી.

આપણો ઉદ્યોગ આપણા સમાજ અને ધંધા સાથેની વર્તણુક, આપણી પ્રોડક્ટ્સ અને આપણી ક્વોલીટી ઉપર કાયમી નિર્ભર છે. એમાં સતત positive change કરતા રહેશો તો આપણા ધંધાને મોટી બ્રેક નહિ લાગે, અને એ સાચા સમયે તમને ખુબ જ ઉમદા રીતે વળતર આપશે. તમે જોયું હોય તો નાના બાળકોમાં નવું શીખવાની, નવું જાણવાની, નવું તરત કબૂલ કરીને આગળ વધાવની ખૂબ જ સાહજિક અને કુદરતી આવડત હોય છે, એથી જ એ ઘણી બધી વસ્તુ તરત જ સ્વીકારીને અને શીખીને મોટો થતો હોય છે. આપણે જેમ જેમ મોટા થઈએ છીએ તેમ તેમ જાણ્યે-અજાણ્યે આપણે આપણા કમ્ફર્ટ ઝોનમાં આવી ગયા હોય છે અને એમાં પણ જો બે-પાંચ વર્ષ તેજીના આવી ગયા હોય, તો આપણે માનવા લાગીએ છીએ કે 'હું' કહું છું એમજ માર્કેટ ચાલે છે અને 'ખબરદાર' જો આપણી 'કંપની પોલીસી' માં કોઈ ફેરફાર કર્યો છે તો... કમ્ફર્ટ ઝોન એ અહંકાર નો પ્રકાર જ છે... ખોટી વાત તો નથીને? પણ આની negative side effect આવા સમયે બહાર આવે છે. કમ્ફર્ટ ઝોનને તોડવો દરેક માટે બહુ જ કપરું કામ છે, પણ જો આને આપણે સરળતાથી, ધીમે-ધીમે તોડી પાડીએ તો? અથવા કમ્ફર્ટ ઝોન જ ના બનાવા દઈએ તો? સમય પ્રમાણે આપણા ધંધામાં change લાવીએ તો સફળતા ચોક્કસ ને ચોક્કસ નિશ્ચિત છે.

જેમ 'મંદી છે' 'મંદી છે' એમ બોલીને મંદી આવતી નથી એ જ રીતે 'મંદી ગઈ' 'મંદી હવે ગઈ' 'મંદી જાય છે' એવું બોલીને મંદી જશે પણ નહીં, એના માટે આપણે લાંબા ગાળાના પ્રયોજનો અને પ્રયત્નો કરવા જ રહ્યા. અત્યારે જે સ્લો-ડાઉન (હું મંદી ક્યારેય નથી કહેતો) છે એમાં આપણી પાસે સમય છે, એ સમયનો સદુપયોગ કરી અને આપણા ધંધામાં આપણે યોગ્ય રીતે પોઝિટિવ ચેન્જ લાવી શકીએ.

આપણું એસોસીએશન પણ આ માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યું છે અને રહેશે. આ માટે એસોસીએશન વિવિધ સેમીનાર, વિઝીટસ, એક્સીબીશન, વિ. નું આયોજન કરતું રહે છે. એ ઉપરાંત હવેતો, MTMA & YOU, આ નવા માધ્યમ થી પણ આપણે મળતા રહીશું. ક્યાંક વાંચેલું, નીચેનું વાક્ય અત્યારે યાદ આવે છે. લખનાર એ બહુ સરસ, સચોટ અને બહુ મોટી વાત એક લાઈનમાં કહી દીધી છે.

**"વેપાર નબળો પડવાનું એક કારણ, છેલ્લા ઘણા સમયથી વેપારમાં પરિવર્તન જ નહી કર્યું હોય, ચેક કરી જોજો."**



જય હિન્દ.

–દેવલ ઘોરેચા
info@accuratelathe.com

## પ્રમુખ સ્થાનેથી...

વ્હાલા સભ્યશ્રીઓ,

નમસ્કાર...!

આપણા એસોસિએશનએ 35 વર્ષ પૂર્ણ કર્યા છે. આ વર્ષો દરમિયાન અત્યાર સુધીના કાર્યવાહકોએ આપણા એસોસિએશન દ્વારા વિવિધ કાર્યો કરીને એસોસિએશનને આજે એક સફળ મુકામ સુધી પહોંચાડી આપેલ છે.

મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ના સર્વે સભ્યશ્રીઓનો અમારી નવી ટીમ વતી હું ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું. વર્ષ 2019–20 તથા 2020–21 માટે વર્ષોથી સેવા આપી રહેલ વડીલો નિવૃત્ત થયા અને યુવા ટીમ ઉપર વિશ્વાસ રાખીને સંસ્થાનો કાર્યભાર સોંપ્યો. આવતા બે વર્ષો માટે આ યુવા ટીમએ કાર્યભાર સંભાળ્યો છે, જેમાં આપ સર્વે એસોસિએશનના સભ્ય ભાઈઓનો પણ સહકાર અને સાથ મળ્યો છે, જેના માટે અમે ખૂબ ખૂબ આભારી છીએ. આવતા વર્ષોમાં MTMA દ્વારા આપણા સભ્યો ભાઈઓના હિતના રક્ષણ અને પ્રગતિ માટે અમો કારોબારી સભ્ય સતત કામ કરતા રહેશું, જેની ખાતરી આપીએ છીએ.

સમગ્ર દેશ આજે ભયંકર મંદીનો સામનો કરી રહેલ છે. ફક્ત મશીન ટૂલ્સ જ નહીં પણ, બધાં જ ક્ષેત્રો, આજે વૈશ્વિક મંદી સાથે બાથ ભીડી રહ્યા છે. આજના ઝડપી તથા હરીફાઇના યુગમાં આપણી ધંધાકીય ક્ષમતાની આવડતને ઉજાગર કરવાની ખાસ જરૂર પડે એમ છે. પ્રવર્તમાન સ્થિતિમાં ઉદ્યોગો આજે મુશ્કેલીઓનો સામનો કરી રહેલ છે, સાથે સાથે મંદી પણ વધુને વધુ ઘેરી બની રહેલ છે. ઉદ્યોગો માટે આજના આ કપરા સમયને પસાર કરવો એ એક મોટો પડકાર છે. દેશમાં એક જ વાતની ચર્ચા થઈ રહેલ છે કે આ વૈશ્વિક મંદીને કઈ રીતે નાથવી? આ વિષય આપણા મશીન ટૂલ્સ ઉદ્યોગ સાથે પણ સંલગ્ન છે, સરકાર દ્વારા નક્કર પગલાં ભરાય તેવી આશા રાખીએ.

આ બુલેટિન માનનીય સભ્યશ્રીઓ અને કારોબારી સભ્યો વચ્ચે એક સેતુ સમાન કામ કરશે, આ સેતુનો ઉપયોગ કરી આપણે નિયમિત મળતા રહેશું. સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યો આપ સમક્ષ પહોંચાડવાનો અમે આ નમ્ર પ્રયાસ ચાલુ કરેલ છે, જેમાં આપ સૌનો સાથ સહકાર મળી રહેશે એવી અપેક્ષા રહેશે. મશીન ટૂલ્સ ને લગતા વિચારો ની આપ–લે આ બુલેટીનના માધ્યમથી કરીશું અને સંસ્થાને વધુને વધુ કાર્યશીલ બનાવીશું તેવી આશા સહ...

આભાર.
યોગીન છનિયારા



પ્રમુખશ્રી
મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન – રાજકોટ







## ચાલો વિચારીએ

> The biggest enemy of future success is... past success
>
> - Azim Premji

### આપણે કેવા છીએ ?

પોતાની પાસે શક્તિ હોવા છતાં કોઈનું વચન સહી લેવેં તે સામાન્ય વાત નથી. જે દિલના મોટા માણસ હોય ને તે જ સહન કરી શકે છે. દાન કરવું સહેલું છે, પણ કોઈને માફી આપવી તે તેના કરતા પણ કઠણ છે. સામર્થ્યવાન પાસે ક્ષમા હોય. નમ્ર હોય તે ક્ષમા માગી શકે, ઉદાર માણસ ક્ષમા આપી શકે.

આપણે કેવા છીએ? સામર્થ્યવાન, નમ્ર કે ઉદાર?



### તમારો ફોટો જોયો ?

ક્રોધ કરવાથી સામી વ્યક્તિ જ તમારાથી દૂર થતી નથી, પણ તે વખતે તમે તમારા પોતાથી દૂર થાવ છો, એવી જ રીતે પ્રેમથી સામી વ્યક્તિ જ તમારી નજીક નથી આવતી, તમે પણ તે વખતે તમારા પોતાની નજીક જાઓ છો, માટે હંમેશા ક્રોધ નો ત્યાગ કરી સૌને પ્રેમ આપો.

તમે તમારો ક્રોધ કરતો ફોટો જોયો છે? તમારો જ ફોટો તમને પણ જોવો નહિ ગમે. જો તમને જ જોવો નથી ગમતો તો પછી ક્રોધ કરવો તમને કેમ ગમે છે? ક્રોધ કરનાર માણસ કુરૂપ લાગે છે. કોઈને તે ગમતો નથી, તો પછી આપણે શા માટે ક્રોધ કરવો? ક્રોધ આપણું અને બીજાનું અહિત જ કરે છે.



(સૌજન્ય: સંસ્કાર ના શિલાલેખ)






# CITY®

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

## EASY CUTTING & BENDING

IRON WORKER



POWER PRESS



**ACCURATE INDUSTRIES**

**Factory:** 3, Atika Dhebar Road (South), Rajkot (Guj.) INDIA.

**Mo.: 9227744900 / 500**

**E-mail:** city_powerpress@yahoo.com | **Web.:** www.citypowerpress.com / www.ironworker.in

## ચાલો વિચારીએ

- **20 Quick Tips For Better Time Management**

01. Create a daily plan
02. Peg a time limit to each task
03. Use a calendar
04. Use an organizer
05. Know your deadlines
06. Learn to say "NO"
07. Target to be early
08. Time box your activities
09. Have a clock visibly placed before you
10. Set reminder 15 minutes before
11. Focus
12. Block out distractions
13. Track your time spent
14. Don't fuss about unimportant details
15. Prioritize
16. Delegate
17. Batch similar tasks together
18. Eliminate your time wasters
19. Cut off when you need to
20. Leave buffer time in-between

> The bad news is Time flies, the good news is you're pilot.
>
> -Michael Altshuler
















## MTMA NEWS

### • RMTS 2018

તા. ૨૮.૧૧.૨૦૧૮ થી ૦૧.૧૨.૨૦૧૮ દરમ્યાન NSIC Ground, રાજકોટ ખાતે MTMA અને KMG Business Technology –Ahmedabad ના સંયુક્ત પ્રયાસથી 7th Rajkot Machine Tools Show (RMTS 2018) નું આયોજન કરેલ, જેમાં મેટલ કટીંગ, મેટલ ફોર્મિંગ, ઓટોમેશન વિગેરેના ઉત્પાદકો અને ડીલરોએ ભાગ લીધેલ.

એક્ઝીબીશનનું ઉદઘાટન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ના કમિશ્નર શ્રી બન્છાનિધિ પાની, રાજકોટ પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ અને NSIC ના અધ્યક્ષ શ્રી પી. કે. ઝા એ કરેલ.
















### • RMTS 2018

7th Rajkot Machine Tools Show (RMTS 2018) એ ગુજરાતમાં વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોના મેન્યુફેક્ચરિંગ અને મશીન ટૂલ્સની આવશ્યકતાઓને પહોંચી વળવા એક વન–સ્ટોપ ડેસ્ટિનેશન કહેવાય. ગત વર્ષે RMTS કુલ ૧૮,૦૦૦ ચો. મી. માં હતું અને આ વર્ષે કુલ ૨૩,૦૦૦ ચો. મી. માં આયોજન થયેલ. આ આંકડા જ RMTS 2018 ની સફળતા દર્શાવે છે.












RMTS 2018 માં આ વખતે પહેલીવાર AC Domes રાખવામાં આવેલા, જેના કારણે visitors ની સંખ્યા અને હાજરી માં બહુજ મોટો ઉમેરો થયેલ. RMTS 2018 એ MTMA નું સંયુક્ત સાહસ હોવાથી દરેક MTMA ના સભ્યોને સ્ટોલ માટે સ્પેશ્યલ રેટ તો આપેલા જ હતા, પણ એ ઉપરાંત MTMA દ્વારા રૂ. ૧,૫૦૦/– પ્રતિ ચો. મી. ની સબસીડી પણ આપેલ, જે એક અનન્ય કામગીરી કહેવાય.

દેશ વિદેશ ના અગ્રીમ ઉદ્યોગો, MSME સેક્ટર પૈકી માઈક્રો થી લઈને લાર્જ સેક્ટરના વિવિધ એકમોએ ભાગ લીધેલ અને તેઓના મંતવ્ય પ્રમાણે આ એક્સીબિશન અત્યંત સફળ રહેલ અને તેઓએ RMTS 2020 માટે અનેરો ઉત્સાહ પ્રદર્શિત કર્યો હતો.

## MTMA NEWS

### • Japan Delegation visited MTMA on 10.06.2019

The Energy and Resources Institute (TERI) – New Delhi, India અને Institute for Global Environment Strategies (IGES) – Hyogo, Japan સાથે એમના એમના આમંત્રણથી તા. ૧૦.૦૬.૨૦૧૯ ના રોજ એક મીટીંગ એસોસીએશનની ઓફીસ પર રાખવામાં આવી. આ મીટીંગ નો મુખ્ય ઉદ્દેશ Natural Resources જેમકે Wind Power, Solar Energy વિગેરે નો મહત્તમ ઉપયોગ આપણી ઈન્ડસ્ટ્રીઝમાં કેવી રીતે થઇ શકે અને પર્યાવરણને સાચવી શકાય, બચાવી શકાય.

આ મીટીંગમાં TERI – New Delhi તરફથી શ્રી પ્રોસંતો પાલ અને IGES – Japan તરફથી શ્રી તોશીઝો માએડા ભાગ લીધેલ. MTMA ની આ ખાસ મીટીંગ માં એસોસીએશન વતી ૮ હોદ્દેદારો હાજર રહેલ.




### • MTMA Stall at IMTOS 2019 @ Pragati Maidan

K & D Communication Ltd. દ્વારા India Machine Tools Show – 19 તા. ૧૪–૧૭ જુન ૨૦૧૯ પ્રગતિ મેદાન, ન્યુ દિલ્હી ખાતે આયોજન કરવામાં આવેલ. મશીન ટૂલ્સનું ઈન્ટરનેશનલ એક્ઝીબીશન ઉત્તર ભારત નું એક સૌથી મોટું એક્ઝીબીશન છે. જેમાં આપણા ઘણા સભ્યોએ ભાગ લીધેલ હતો. આ ઉપરાંત એસોસીએશન વતી શ્રી રમેશભાઈ અને શ્રી પંકજભાઈએ MTMA નો સ્ટોલ સંભાળ્યો હતો અને મેમ્બર્સ ડિરેક્ટરી અને CD નું વેચાણ કરેલ. દર વખતની જે આ વખતે પણ ખુબ જ સારો પ્રતિસાદ મળેલ.











## MTMA NEWS

- **Annual General Meeting (AGM 2018-19)**

આપણા એસોસીએશન ની વર્ષ ૨૦૧૮–૧૯ ની વાર્ષિક સાધારણ સભા (AGM) તા. ૨૯.૦૬.૨૦૧૯ ના રોજ હોટેલ આર. પી. જે. રેજેન્ટા ખાતે રાખેલી હતી. આ મીટીંગ નું સંચાલન એસોસીએશનના ડાયરેક્ટર શ્રી દેવલ ઘોરેચાએ કરેલ. એસોસીએશનના સેક્રેટરી શ્રી તેજસ દુદકિયાએ ગત વર્ષની વાર્ષિક સાધારણ સભાની મિનીટ્સ વાંચી સંભળાવેલ. પ્રમુખ શ્રી રાજુભાઈ ભંડેરી, ઉપ–પ્રમુખ શ્રી દિનેશભાઈ ખંભાયતા તથા જો. સેક્રેટરી શ્રી જયભાઈ માવાણીએ એસોસીએશનની કામગીરી તથા તેમના કાર્યકાળના અનુભવો વિષે ઘણી રસપ્રદ વાતો જણાવી. આ ઉપરાંત અન્ય કારોબારી સભ્યોએ વિવિધ કમિટી ના અહેવાલો અને હિસાબો આપ્યા.
















## MTMA NEWS

- **Annual General Meeting (AGM 2018-19)**

આગામી વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧ માટેના બિનહરીફ ચૂંટાયેલ કારોબારી સભ્યોના નામ તથા તેમના હોદ્દાની જાહેરાત ૨૦૧૯ ના ચુંટણી કમિટીના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ખરેચાએ કરી, જેની વિગતો આ મેગેઝીનમાં આપેલ છે. નવા જોડાયેલા કારોબારી સભ્યોને અભિનંદન આપી અને સ્વાગત કરેલ.









## MTMA NEWS

### Annual General Meeting (AGM 2018-19)

વિદાય લેતા ગત વર્ષ ના કારોબારી સભ્યોએ નવી ટીમ ને ખુબ શુભેચ્છાઓ આપી અને ખાતરી આપતા જણાવ્યું કે એસોસીએશન માટે તેઓ ગમે ત્યારે હાજર છે અને રહેશે તથા નવી ટીમ ને ખુબજ ધગશપૂર્વક આગળ વધવા જણાવ્યું.













## MTMA NEWS

### Annual General Meeting (AGM 2018-19)

આ AGM માં આપણા આમંત્રણને માં આપીને શ્રી પૌરવભાઈ પોપટ (એડવોકેટ – GST), શ્રી ભાવિનભાઈ ભણસાલી (ટેક્ષ સલાહકાર) તથા શ્રી કમલેશભાઈ સાકરીયા હાજર રહ્યા હતા.













## MTMA NEWS

### • Various Associations Meet at RCCI for Rajkot Flight Issue

Rajkot Chamber of Commerce & Industry દ્વારા તારીખ 30.06.2019 ના રોજ સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા ની ઉપસ્થિતિમાં, રાજકોટ ના એરપોર્ટ તથા વિમાની સેવા કથળી ગઈ છે તે અંગે બધા એસોસીએશન ની ખાસ મીટીંગ રાખેલ, જેમાં MTMA હોદ્દેદારો શ્રી યોગીનભાઈ છનીયારા, શ્રી બ્રિજેશ સાપરિયા અને શ્રી અશ્વિનભાઈ કવાએ હાજરી આપીને યોગ્ય રજૂઆત કરી હતી.





### • Budget 2019 at REA

તા. ૦૮.૦૭.૨૦૧૯ ના રોજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ, રાજકોટ ટેક્ષ કન્સલટન્ટ સોસાયટી અને રાજકોટ એન્જીનીરીંગ એસોસીએશન ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સેમીનાર "કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૯–૨૦" માં MTMA વતી શ્રી બીપીનભાઈ સિદ્ધપુરા, શ્રી કનકસિંહ ગોહિલ અને શ્રી રાજેશભાઈ ડોડીયા હાજર રહેલ. આ સેમીનાર ગુજરાતના અગ્રગણ્ય કરવેરા સલાહકાર શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા ખુબજ સરસ વ્યકતવ્ય અને વિશ્લેષણ આપવામાં આવ્યું હતું.








## MTMA NEWS

### • Conference on "How Indian Industrial Equipment/Machinery Manufacturers can target Global Markets by Leveraging Digitalization"

Siemens Industry PLM Software and EM Magazine jointly organized the above conference with association of MTMA-Rajkot on 13.08.2019 at The Fern Residency, Kuvadava Road, Rajkot, followed by a useful Panel discussion.

The aim was create a highly efficient products and manufacturing environment that fosters continuous and measurable product and process innovation for global competence. The panel will deliberate on the current challenges and the critical need of leveraging digitalization in manufacturing processes, for designing and building smarter, modular and cost effective and energy efficient equipment/machines.

Brief details of the event are as under:

- Opening Address: by Mr. Yogin Chhaniara – President, MTMA – Rajkot
- Keynote Address: by Mr. Parakramsinh Jadeja – CMD, Jyoti CNC Automation Ltd. and Mr. Shekhar Jitkar - Publisher & Chief Editor, Publish Industry India Pvt. Ltd. – Pune
- Panelists: Mr. Sachin Nagewadia, Mr. Tejas Dudkiya, Mr. Deval Ghorecha & Mr. Ketan Gajera on behalf of MTMA – Rajkot, Mr. Sandip Patel (Siemens – Ahmedabad) and Mr. Shekhar Jitkar
- Total Attendees: 40








## MTMA NEWS

### • Taiwan Delegation visited MTMA

On request of Taiwan External Trade Development Council (TAITRA) HQ – Taipei City, Taiwan a special meeting was arranged with their researcher Mr. Chang-Ming Lee along with Ms. Deepika Nainani (Trade Promotion Specialist, TAITRA – Mumbai) at MTMA office on 08.08.2019. They seeking opportunities of commercial and technical cooperation between Indian and Taiwanese machine tool/ critical component manufacturers by various types of actions like bilateral procurement, OEM, joint ventures, etc.

As per their request, MTMA arranged around 10 company's factory visit of various sectors like Machine Tools & Components Manufacturers, Foundries, etc. and MTMA like to share that they were very much impressed and happy to see the healthy and friendly relations between all the manufacturers, especially in such competitive world.

MTMA is very much thankful to all the companies who welcomed the delegation and spare their valuable time.

This two days visit of Taiwan Delegation is well managed by MTMA Directors, Mr. Sachin Nagewadia, Mr. Ashwin Kawa, Mr. Rajesh Dodiya and Mr. Karan Parmar.

















## MTMA NEWS

દર વખતની જેમ આ વખતે પણ **ENGIMACH-2019** માટે MTMA Members ને સ્પેશ્યલ ડિસ્કાઊંટેડ રેટ થી બુકિંગ મળશે, જેનો સર્ક્યુલર બધાને મોકલેલ છે, તો આનો પણ લાભ લેવા સર્વે સભ્યોને અપીલ છે.

સ્ટોલ બુકિંગ માટે શ્રી અમિત મિસ્ત્રી ૯૮૨૫૦૮૩૫૩૦ નો કોન્ટેકટ કરવો.




GIDC Plot & Shed Holders Association (Dared) – Jamnagar દ્વારા **JAMNAGAR Tech-Fest** નું આયોજન કરવામાં આવ્યું છે. સર્ક્યુલર મોકલ્યા મુજબ MTMA ના સભ્યો માટે આ એક્ઝીબીશન માટે સ્પેશીયલ ભાવ રાખેલ છે, જેથી આપણા સભ્યો વધુ માં વધુ ભાગ લઈ શકે. સ્ટોલ બુકિંગ માટે શ્રી બ્રિજેશ પુરોહિત – ૯૪૨૬૨૪૯૦૭૨ નો કોન્ટેકટ કરવો.




MTMA એ આ વર્ષે NESCO – Mumbai સાથે મળીને **MMT EXPO-2020** ને વધુ સફળ બનાવવાનું કાર્ય હાથ ધર્યું છે. મુંબઈ ખાતેનું નું સૌથી મોટું મશીન ટૂલ્સનું એક્સીબિશન થશે. આ માટે એસોસીએશનના પ્રયાસોથી M T M A Members ને સ્પેશ્યલ ડિસ્કાઊંટેડ રેટ થી બુકિંગ મળશે, જેનો સર્ક્યુલર બધાને મોકલેલ છે, તો આનો લાભ લેવા સર્વે સભ્યોને અપીલ છે. સ્ટોલ બુકિંગ માટે શ્રી પ્રશાંત બહેલ ૯૮૩૩૧૧૦૩૭૨ નો કોન્ટેકટ કરવો.



## MTMA NEWS

### • Seminar on E-Tendering

છેલ્લા ઘણા વર્ષોથી ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એ અનેક કાર્યો online કરીને ખુબજ સરળ કરી આપેલ છે. જેમાંનું એક મહત્વપૂર્ણ અને આપણને ખુબ ઉપયોગી થઈ શકે એ Tender પ્રક્રિયાને પણ online કરેલ છે, જે E-Tendering તરીકે જાણીતું છે.

MTMA અને MSME Technology Development Centre, Agra (Ministry of MSME, Government of India Organisation) સાથે મળીને આ E-Tendering માટે એક બહુ-ઉપયોગી સેમીનાર તા. ૦૭.૦૯.૨૦૧૯ ના રોજ હોટેલ ધી ગ્રાન્ડ રેજેન્સી, રાજકોટ ખાતે રાખેલ હતો, જેમાં ૩૦ સભ્યોએ ભાગ લીધો હતો.

આ સેમીનાર Tender Expert Mr. Hiral Dron દ્વારા બહુજ સરળ રીતે સમજણ આપી અને એને લગતી વિવિધ માહિતીઓ જેમકે ટેન્ડર સર્ચ, ટેન્ડર ભરવાની વિગતો, ફાઈલ એટેચમેન્ટ ની વિગતો, ફાઈનલ સબમીશન વિગેરે વિગતો ખુબ જ ડીટેઈલમાં આવરી લીધી હતી અને જ્યાં જરૂરી હતું ત્યાં online demo આપતા ગયા હતા.

ઉપરોક્ત સેમીનાર માં Mr. J. Ghosh (Dy. Director – MSME), Mr. P. R. Joshi (Asst. Director – MSME) અને Mr. Dharmendra Rajput (Dy. Manager – Tech., NSIC – Rajkot) હાજર રહી E-Tendering માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. NSIC – Rajkot સાથે વાત કરીને તેના મેમ્બર થવા માટે જરૂરી પ્રક્રિયા અને ડોક્યુમેન્ટ્સ ની વિગતો email દ્વારા દરેક સભ્યોને મોકલવામાં આવી છે.









### • Task Force Committee Meeting

ગુજરાત રાજ્ય સરકાર (ઉદ્યોગ અને ખાણ વિભાગ – ગાંધીનગર) દ્વારા આગામી ઔદ્યોગિક નીતિ કેવી હોવી જોઈએ એ માટે એક Task Force Committee નું ગઠન કરવમાં આવ્યું છે અને તેમાં માટે એસોસીએશને દરેક સભ્યોને સૂચનો મોકલવા કહ્યું હતું. આ Task Force Committee માં MTMAનું પ્રતિનિધિત્વ પ્રમુખશ્રી યોગીનભાઈ છાનીઆરએ કરેલ અને તા. ૧૬.૦૯.૨૦૧૯ ના રોજ અમદાવાદ ખાતે મળેલી પ્રથમ મીટીંગ માં તેઓએ હાજરી આપી, આગામી વર્ષોમાં મશીન ટૂલ્સ સેકટરનો વિકાસ કઈ રીતે પ્રગતિશીલ બની રહે તે માટે યોગ્ય રજૂઆત કરેલ.

આવનારા વર્ષો માટે ખુબ ઉપયોગી થઇ શકે તેવી આ અગત્યની મીટીંગ માં રાજ્યભરમાંથી વિવિધ એસોસીએશન અને ચેમ્બર્સ ના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને 'નવી ઔદ્યોગિક નીતિ' માટે રાજ્ય સરકાર ત્વરિત જરૂરી પગલા લેશે, એ માટે સર્વે પ્રતિનિધિઓ ખુબજ આશાસ્પદ છે.










## MTMA's Social Responsibilities and Contribution

• પુલવામા માં થયેલ આતંકી હુમલામાં શહીદ જવાનોના કુટુંબ માટે યથાશક્તિ ફાળો એકત્ર કરવા આપણા એસોસીએશનએ દરેક સભ્યોને પહેલ કરી હતી જેમાં ઘણા સભ્યોએ સ્વેચ્છાએ ફાળો આપેલ અને એ રકમમાં આપણા એસોસીએશનએ જરૂરી રકમ ઉમેરીને કુલ રૂ. ૧,૧૧,૧૧૧/– નો ચેક એસોસીએશન વતી સેક્રેટરી શ્રી તેજસ દુદકિયા અને ટ્રેઝરર શ્રી કનકસિંહ ગોહિલએ 'CRPF Wives Welfare Association' માટે રાજકોટ ના કલેકટરશ્રીને તા. ૨૮.૦૩.૨૦૧૯ ના રોજ સોંપેલ. કલેકટરશ્રીએ આપણા આ કામને બિરદાવીને આભાર વ્યક્ત કરેલ.



• રોટરી ઈન્ટરનેશનલ દ્વારા સંચાલિત, એક ઉમદા કાર્ય, 'SKIN BANK' માટે એસોસીએશનએ તા. ૦૫.૦૩.૨૦૧૯ ના રોજ રૂ. ૫૧,૦૦૦/– નો ચેક ડોનેશન પેટે રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર ચેરીટેબલ ટ્રસ્ટને આપ્યો હતો. ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રાજુભાઈ ભંડેરી અને ભૂતપૂર્વ ઉપ–પ્રમુખ શ્રી દિનેશભાઈ ખંભાયતા આ વિષયમાં સંસ્થાને યોગ્ય માહિતી આપેલી હતી. આપણે આ વિષયમાં ખરેખર ખુબજ ઓછા જાગૃત હોઈએ છીએ, પણ આ એક ગંભીર સમસ્યા છે અને આવી સંસ્થાઓ આવા ભગીરથ કાર્યમાં ખંતપૂર્વક કામ કરતી હોય છે. ગુજરાતની સૌ પ્રથમ 'SKIN BANK' રાજકોટ ખાતે શરુ થયેલ છે. જે માટે એસોસીએશન દ્વારા યોગદાન આપવામાં આવેલ.





## MTMA Member's Activities

- MTMA congratulates Mr. Tejas Dudakia of M/s. Dowel Machineries Pvt. Ltd.-Veraval Shapar, who invited and honored by NESCO & Bombay Exhibition Center (BEC) – Mumbai, by selecting him as a Advisory Board Member of BEC.

Mr. Tejas Dudakia informed MTMA that "NESCO is a multi-division, multi-location Public Limited Company. It's activities include the Bombay Convention & Exhibition Centre, (BEC) which is the largest exhibition Centre in India in the private sector; Nesco IT Park; Nesco Foods and Indabrator, an Engineering Division. Nesco Group has over seven decades experience with units in Bombay & Gujarat. Bombay Exhibition Centre (BEC) has attained historical status in Mumbai as an ideal location for hosting several prestigious International Trade Fairs, MICE, Shows, Business Meetings which in turn has immensely benefited the exhibitors, visitors, delegates alike ever since. BEC will be organizing its own International exhibitions, Events & Conferences."

### ADVISORY BOARD



MR. SHREEGOPAL KABRA
MANAGING DIRECTOR & GROUP PRESIDENT, RR GLOBAL



DR. AMIT BHINGURDE
CHIEF OPERATIONS OFFICER TAL MANUFACTURING & SOLUTIONS LTD - ROBOTICS & AUTOMATION BUSINESS UNIT A TATA ENTERPRISE



MR. ASHOK M KADAKIA
NATIONAL VICE PRESIDENT, AIMO & HON. CONSUL LUXEMBOURG (RETD)



MR. CHANDRAKANT SALUNKHE
FOUNDER & PRESIDENT SME CHAMBER OF INDIA AND MAHARASHTRA INDUSTRIAL AND ECONOMIC DEVELOPMENT ASSOCIATION



MR. MANJIT SINGH MATHAROO
GENERAL SECRETARY FICO MEGA MACHINE TOOL CLUSTER



MR. SHEKHAR DONGRE
CEO DIVYA MEDIA PUBLICATIONS PVT. LTD.



MR. SUHAS BELAPURKAR
DIRECTOR - SALES & MARKETING (INDUSTRIAL PRODUCTS), SANJAY TOOLS & ADHESIVES



MR. T. P. SINGH
SALES DIRECTOR - INDIA, MIDDLE EAST, CIS, TURKEY & SS AFRICA, FLIR SYSTEMS INDIA PVT. LTD



MR. TEJAS DUDAKIYA
DIRECTOR - DOWEL MACHINERY PVT.LTD HON. SECRETARY - MACHINE TOOLS MANUFACTURERS ASSOCIATION RAJKOT





## Useful Apps

### IRIS Peridot - GSTIN Search (4.6 / 5.0 Review Ratings)

IRIS Peridot એક સરળ અને ઉપયોગ એપ્લિકેશન છે, જે GST સિસ્ટમ સાથે સંકળાયેલી છે. GST નંબર નાખીને GST ને લગતા ઘણા બધા ડેટા આ એપ્લિકેશનમાં જોઈ શકાય છે, જેમ કે GST નંબર વેરીફીકેશન, GST નંબર ચાલુ છે કે નહીં, સમયસર રીટર્ન ફાઈલ કરેલા છે કે નહીં, વિગેરે..

આ એપ્લિકેશન દ્વારા તમે છાપેલા GST નંબર ને સ્કેન કરી શકો છો, જેથી ટાઈપ ના કરવું પડે. વધુમાં, તમે કરદાતાની વિગતો, GST સિસ્ટમ સાથે રજીસ્ટર થયેલા વળતરની વિગતો અને વ્યવસાયોના સ્થાનો જેવી અન્ય માહિતી પણ મેળવી શકો છો.

આપણે સૌ જાણીએ છે એમ, નવા વેપારી પાસેથી ખરીદી કરતા પહેલા આ રીતે તેની GST ની હિસ્ટ્રી ચેક કરવી સલાહભર્યું છે.

https://play.google.com/store/apps/details?id=com.irisgst.taxpayer.peridot

### Any.do: To do list (4.6 / 5.0 Review Rating, Editors' Choice in Google Play Store)

Any.do ગૂગલ દ્વારા 'Editors' Choice' શ્રેણી માં . Users' Review Rating ધરાવતી એપ્લિકેશન છે. આ એપ્લિકેશન દ્વારા તમારી રોજીંદા કામ ની યાદી, કેલેન્ડર અને પ્લાનિંગ બહુજ અસરકારક રીતે અને સરળતાથી કરી શકો છો, જે તમારા દરેક દિવસ ને Productive બનાવશે અને કામ ભૂલી જવાના ચક્કરમાંથી તમને બહાર કાઢશે. આ એપ્લિકેશનની ટૂંકી વિગતો નીચેમુજબ છે. (અમુક વિગતો કદાચ PAID Version માં જ હશે)

- Tasks /કાર્યો નો ઉમેરો, તારીખ, સમય અને Categories/શ્રેણીઓ પ્રમાણે. પ્રાથમિકતાઓ અને કલર કોડ સેટ કરી શકાય છે.
- દૈનિક પ્લાનર સાથે ચેકલિસ્ટ બની શકે અને હોમ-સ્ક્રીન Widget/વિજેટનો ઉપયોગ કરીને એમાંથી પણ ટૂ-ડૂમાં ઉમેરો શકો છો.
- તારીખ અને સમય પ્રમાણે ગોઠવેલ યાદી તમારી સ્ક્રીન ઉપર પોપ-અપ થશે, જેથી કોઈ વસ્તુ ભૂલી જશો નહીં.
- અમુક વિશિષ્ટતાઓ ખુબ જ સરસ છે, જેમ કે કોઈને નક્કી કરેલ તારીખ અને સમયે ફોન કરવો છે, તો જયારે તેની યાદી બનાવો ત્યારેજ તેમાં 'call' નો option આવશે. હવે આ એપ્લિકેશન નક્કી કરેલ તારીખે અને સમયે એક યાદી પોપ-અપ કરશે તેમાજ 'call' નો option બતાવશે અને તમે તેમાંથી જ સીધો ફોન કરી શકશો, જેથી તમારી બીજીવાર જે તે પાર્ટી નો ફોન નંબર ગોતવાની જરૂર નહીં પડે.
- Missed Call ની રિમાઈન્ડર્સ મેળવો, જેથી તમે તેનો જવાબ આપવાનું ક્યારેય ભૂલશો નહીં
- Alexa / એલેક્સા અને Siri / સિરી સાથે તમારી યાદીઓ સરળતાથી મેનેજ કરો
- કોમ્પ્યુટર માટે પણ અલગ લીંક થી તમે મોબાઈલ અને PC ને Sync કરી બંને પર અસરકારક રીતે કામ કરી શકો છો.
- Apple Watch અને Android Wear સાથે Sync કરી શકાય.
- Chrome / Firefox Extension અને Voice Command પણ ઉપલબ્ધ છે.

https://play.google.com/store/apps/details?id=com.anydo

## World Innovations

### • TESLA ELECTRIC CAR

Tesla ની સ્થાપના અમેરિકન ઉદ્યોગસાહસિક માર્ટિન એબરહાર્ડ અને માર્ક ટર્પેનિંગ દ્વારા કરવામાં આવી હતી અને સર્બિયન અમેરિકન શોધક નિકોલા ટેસ્લા પછી તેનંછ નામ પાડવામાં આવ્યું હતું. ઇલેક્ટ્રિક સ્પોર્ટ્સ કાર વિકસાવવા ટેસ્લા મોટર્સની રચના કરવામાં આવી હતી. ૨૦૦૮ માં ટેસ્લા મોટર્સે તેની પહેલી સંપૂર્ણ ઇલેક્ટ્રિક કાર 'રોડસ્ટર' રજૂ કરી. કંપનીના પરીક્ષણોમાં તે એક જ ચાર્જ પર 394 kms ની રેંજ મળે છે, જે ઇલેક્ટ્રિક કાર માટે અભૂતપૂર્વ કહેવાય. 'રોડસ્ટર' 4 સેકન્ડથી ઓછા સમયમાં 0 થી 96 kms પ્રતિ કલાકની ગતિ મેળવી શકે છે અને 200 kmph ની ટોપ સ્પીડએ પહોંચી શકે છે. કારને લાઇટવેઇટ બનાવવા તેની બોડી કાર્બન ફાઇબરથી બનાવવામાં આવી છે.

2012 માં ટેસ્લાએ તેના નવા મોડલ 'S' સેડાન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે 'રોડસ્ટર'નું ઉત્પાદન બંધ કર્યું. 'S' સેડાન મોડેલ અલગ અલગ બેટરી વિકલ્પો સાથે આવ્યું, જેણે 379 અથવા 483 kms ની અંદાજિત રેન્જ આપી હતી અને તે 209 kmph પ્રતિ કલાકની ટોચની ઝડપ મેળવી શકે છે. રોડસ્ટરથી જુદી ડીઝાઇન ધરાવતી 'S' સેડાન મોડેલ માં બેટરી કારના આગળના ભાગમાં હતી, પણ 'S' સેડાન મોડેલમાં બેટરી ફ્લોરની નીચે હોવાથી ગુરુત્વાકર્ષણના નીચા કેન્દ્રને કારણે આ કાર ચલાવવાની મજા વધુ સારી થઇ શકી.

2012 માં જ, ટેસ્લાએ USAમાં 'સુપરચાર્જર' તરીકે ઓળખાતા સ્ટેશનનું નિર્માણ કર્યું, તે સ્ટેશનોને ટેસ્લા સ્ટેશન કહે છે. ટેસ્લાએ 2015 માં મોડેલ ' X Cross Over' (SUV) પણ રજૂ કર્યું હતું. મોડેલ ' X Cross Over' પાસે મહત્તમ બેટરી રેન્જ 475 kms અને સાત સુધી બેઠક ની ક્ષમતા છે. ત્યારબાદ, વધુ સસ્તા વાહનોની માગને કારણે, મોડેલ 3, 220 વર્ઝન, ચાર-દરવાજાની સેડાનનું 2017 માં ઉત્પાદન શરૂ કર્યું, જેની કિંમત 35,000 ડોલર જેવી છે.








આજે, ટેસ્લા સિવાય લગભગ દરેક કાર બનાવતી કંપનીઓએ એક વ્યવહારિક ઇલેક્ટ્રિક કાર બનાવવાની શરુ કરી દીધી છે.. જેમાં Tata, Hyundai, Suzuki, VW, Honda, Nissan, M&M, Bajaj, વિગેરે સામેલ છે. Hyundai Kona તો હવે શો-રૂમ માં પણ આવી જશે.

આ લેખનું તાત્પર્ય એ છે કે ઓટોમોબાઈલ ઉદ્યોગ અત્યારે એક 'change over phase' માં છે અને ઓટોમોબાઈલ ક્ષેત્રનું ભવિષ્ય એક નવી દિશા તરફ આગળ વધી રહ્યું છે.

### • UPTIS, AIRLESS TIRES: શું હવાની 'હવા' નીકળી જશે ?





મીશીલિન અને જનરલ મોટર્સ બંને સાથે મળીને ૨૦૨૪ સુધીમાં Airless/હવા વગરના, પર્યાવરણ બચાવનાર અને પંચર-ફ્રી ટાયર બનાવાની જાહેરાત કરી છે.

આ ટાયરને ઉપ્ટીસ/UPTIS (Unique Puncture-proof Tire System) કહેવામાં આવશે.

UPTIS ના ઘણા ફાયદાઓ પૈકી થોડાની અહી વાત કરીએ...

- આ ટાયર માટે ઓછું રો-મટેરિયલ જોઈશે, જે ઘણી ઓછી ઉર્જા વાપરશે અને પર્યાવરણને લાભ થશે.
- ટાયર પંચર ન પડવાથી તેની આવરદા વધશે અને ટાયર નો ભંગાર ઓછો થશે.
- પરિવહન ની સેફ્ટી વધશે, કેમ કે ટાયર ફાટવાને લીધે થતા અકસ્માત ઘટશે.

આ વર્ષના અંતમાં જનરલ મોટર્સની યોજના તેમના મિશિગન સ્થિત યુનિટ ખાતે તેમના ઇલેક્ટ્રિક વાહન ના BOLT મોડલ પર પરીક્ષણો શરૂ કરવાનું છે.

Welcome UPTIS...!

## સરકારી ગતિવિધીઓ

### • BUDGET 2019

Presenting the Budget 2019-20 in Parliament, Nirmala Sitharaman unveiled a slew of initiatives and new provisions to tackle issues related to the MSME sector in the country. From widening the net for a reduction in corporate tax for companies to strengthening TReDS, Sitharaman's budget speech will have wide-ranging impact on small businesses. Here are the key takeaways:

1) Lower rate of 25 % Corporate Tax extended to companies with annual turnover up to Rs 400 crore from earlier cap of upto Rs 250 crore.
2) For the MSME sector, Rs 350 crore has been allocated for FY 2019-20 under the Interest Subvention Scheme, for 2% interest subvention for all GST registered MSMEs, on fresh or incremental loans.
3) The Finance Minister said that the Government will create a payment platform for MSMEs to enable filing of bills and payment. This will help eliminate delays in payment and give a boost to investment in MSMEs .
4) To bring more participants, especially NBFCs, not registered as NBFCs-Factor, on the TReDS platform, amendment in the Factoring Regulation Act, 2011 is necessary and steps will be taken to allow all NBFCs to directly participate on the TReDS platform.
5) Government of India has decided to extend the pension benefit to about three crore retail traders and small shopkeepers whose annual turnover is less than Rs.1.5 crore under a new Scheme Pradhan Mantri Karam Yogi Maandhan Scheme. Enrolment into the Scheme will be kept simple requiring only Aadhaar and a bank account and rest will be on self-declaration.
6) The Stand Up India Scheme has been extended upto the year 2025.
7) Skill development to focus on new-age skills like Artificial Intelligence (AI), Internet of Things, Big Data, 3D Printing, Virtual Reality and Robotics.
8) More than Rs. 3.75 Lakh Crore is blocked in litigations in Service Tax and Excise (pre-GST regime). The budget proposes a dispute resolution-cum-amnesty scheme, called "the Sabka Vishwas Legacy Dispute Resolution Scheme, 2019" that will allow quick closure of these litigations. The relief under the scheme varies from 40 percent to 70 percent of the tax dues for cases other than voluntary disclosure cases.
9) To ease the liquidity crisis in NBFCs, the Government says fundamentally sound ones should continue to get funding from banks and mutual funds without being unduly risk averse. For purchase of high-rated pooled assets of financially sound NBFCs, amounting to a total of Rs 1 lakh crore during the current financial year, Government will provide one time six months' partial credit guarantee to Public Sector Banks for first loss of up to 10%.
10) "Make in India", with particular emphasis on Micro, Small and Medium Enterprises, is one of the major focus areas of the Union Budget this year.
11) Under the Scheme of Fund for Upgradation and Regeneration of Traditional Industries' (SFURTI) 100 new clusters will be set up during 2019-20 enabling 50,000 artisans to join the economic value chain. Focused sectors are Bamboo, Honey and Khadi clusters.
12) The Scheme for Promotion of Innovation, Rural Industry and Entrepreneurship' (ASPIRE) would be consolidated for setting up of 80 Livelihood Business Incubators (LBIs) and 20 Technology Business Incubators (TBIs)in 2019-20 to develop 75,000 skilled entrepreneurs in agro-rural industry sectors.
13) There will be an interchangeability of PAN and Aadhaar to file tax return proposed.
14) 2 % TDS on cash withdrawal exceeding Rs. 1 crore in a year from a bank account to encourage digital payments.
15) Businesses with annual turnover more than Rs. 50 crore to offer low cost digital modes of payment; no MDR charges to be imposed on customers/ merchants.





## VISION 2020

We will be in the Top 5 Machine Tool Building
Nations by 2020 Leveraging World Class
R & D Infrastructure, Systems and People
Delivering Innovative Solutions and Services
to Create "Value for Customers"



## MISSION 2020

We the Rajkot Machine Tools Manufacturers shall Achieve 1st Position
in Indian Machine Tools Industry by delivering wide range of
cutting edge products through professional management,
frugal engineering value chain, partnering suppliers,
driven by Customers satisfaction.

## કાયદાકીય સલાહ-સુચનો

GST કાયદો લાગુ થયાને બે વર્ષ પુરા થઇ ગયા છે અને નવા સુધારા-વધારા, નોટીફીકેશન, સરક્યુલરથી માહિતી મેળવતા હોઇએ છીએ. GST કાયદો દરેકને ફાયદારૂપ જ છે, ખાસ કરીને online હોવાથી. આર્થિક નુકશાની / Fraud થી બચવા નીચેની બાબતો બહુ ઉપયોગી થશે. અમુક ચોક્કસ મુદાઓનો ખ્યાલ રાખીને આગળ વધશુ તો ચોક્કસ ફાયદો થશે જ. આવા કેટલાક ફાયદાકારક મુદાઓ છે જેનુ પાલન કરી આર્થિક નુકશાનીથી બચી શકાય.

(૧) GST પોર્ટલ પર એક સારી સુવિધા સરકારશ્રી તરફથી એ કરવામાં આવી છે કે તમે કોઇ પણ GST નોંધણી નંબર ધરાવતા વેપારી કે જેની સાથે તમે ખરીદી-વેંચાણના વ્યવહાર કરવાના છો તેઓના છેલ્લા કયાં દસ રીટર્ન ફાઇલ થયા છે ? તેની હિસ્ટ્રી તમે "SEARCH TAXPAYER" ઓપ્સનમાં જઇને ડીલરસર્ચ કરી સરળતાથી જોઇ શકો છો. આથી ફાયદો એ થશે કે આવા વેપારીઓ તેમના ભરવાના થતા રીટર્નમાં કેટલા રેગ્યુલર છે તે તમે નિયમિત જાણી શકો છો ઉપરાંત તમે કોઇ નવા વેપારી પાસેથી તમે માલ ખરીદ કરો છો તેમના રીટર્નની હિસ્ટ્રી જોઇને જ તેમની સાથે વેપારી વ્યવહાર વિકસાવવો કે નહી તે તમે નક્કી કરી શકો છો. ખાસ કરીને આંતરરાજ્ય વેપાર કરતાં પહેલા આ સુવિધાનો જરૂરથી ઉપયોગ કરવો જોઇએ કારણ કે રાજ્ય બહારના વેપારીઓની શાખ બાબતે સંપુર્ણ ધંધાકીય જાણકારી આપણે અહી બેઠા મેળવી શકતા નથી.

(૨) E-Way Bill માટે સરકારશ્રી તરફથી અલગ જ પોર્ટલની સુવિધા આપવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરી વેપારી માલ વેંચાણ કરે ત્યારે માલની સાથે માલ-વહન દરમ્યાન E-Way Bill જનરેટ કરી મોકલાવે છે. આજે અમુક કૌભાંડી બીલીંગ પ્રવૃતિ કરતા તત્વો દરરોજ અવનવા નુસખા કૌભાંડમાં અજમાવતા હોય છે જે પૈકી બનાવટી E-Way Bill જનરેટ કરી કૌભાંડ કરે તો ???? આવા કૌભાંડમાં આપણે સામેલ ન હોવા છતાં કોઇએ જો આપણા GST નંબર પર વેંચાણ દર્શાવી E-Way Bill જનરેટ કરેલ હોય તો સરકારશ્રી દ્વારા જે કાયદાકીય પગલા લેવામાં આવે તેનો સામનો આપણે વગર વાંકે કરવો પડે. આવા બનાવ આપણી સાથે ન બને તે માટે આપણે આપણા ધંધાના સ્થળે પહેલું કામ દિવસમાં બે વખત જેમ આપણા ઇષ્ટદેવના દિવાબતી કરવાની ટેવ રાખીએ છીએ. એવી ટેવ એ પાળવાની રહે કે E-Way Bill પોર્ટલમાં લોગીન થઇ ચેક કરવું કે કેટલા INWARD E-Way Bill દર્શાવે છે ? જો હકીકતના સાચા E-Way Bill દર્શાવતા હોય તો કોઇ પ્રશ્ન નથી... પરંતુ કોઇ ખોટું E-Way Bill દર્શાવતું હોય તો તેનો કોન્ટેક્ટ કરી તેને કેન્સલ કરાવવું અથવા તો ૭૨ કલાકના સમયગાળાની અંદર આપણે તે રીજેક્ટ કરી શકીએ છીએ તો યોગ્ય ચકાસણી કરી તે રીજેક્ટ કરવું. આમ કરવાથી ગેરકાયદેસર થતી પ્રવૃતિમાં આપણી ખોટી સંડોવણી અટકાવી શકીશું.

(૩) આજકાલ GST ના કૌંભાડ જે સામે આવે છે જેનો અભ્યાસ કરી એટલુ કહી શકાય કે જો કોઇ વેપારી પેઢી સાથે તમે ધંધાકીય વ્યવહાર GST કાયદા હેઠળ કરતા હોય અને એ વેપારી વારંવાર પોતાના GST નોંધણી નંબર, કોન્ટેક્ટ નંબર, પોતાનું ધંધાનુ સ્થળ, કે બેંક ખાતુ બદલતા હોય તો આવા વેપારી સાથે આપણો ધંધાકીય વ્યવહાર જોખમી થઇ શકે. કારણ કે ટેક્સ ચોરી કૌંભાડ કરતી વેળા તેઓ કાયદાથી બચવા કે પોતે કરેલ કૌભાંડ સામે ન આવે એ માટે વારંવાર પોતાના GST નોંધણી નંબર, કોન્ટેક્ટ નંબર, ધંધાની જગ્યા કે બેંક ખાતાની વિગત બદલાવતા રહે છે. બની શકે આપણે અજાણતા તેની સાથે વ્યવહાર કરેલ હોય અને કરચોરી પકડાય તો તેમની પાસેથી કરેલ ખરીદીનો ટેક્સ આપણને બાદ ન મળે.

આમ ઉપરના મુદાઓ ધ્યાને લઇ GST પોર્ટલની સુવિધાનો ઉપયોગ કરી આપણા વેપાર ઉદ્યોગને નુકશાની થતી અટકાવી શકીએ. સુચવેલ મુદાઓનું પાલન કરવાથી આપણો વેપાર-ઉદ્યોગ ૧૦૦% સુરક્ષિત છે એમ ન કહી શકાય પરંતુ ૧૦૦% સુરક્ષિત રાખવા માટેના પ્રયત્નો રૂપે અગત્યના છે.



**શ્રી પૌરવભાઇ એચ. પોપટ**
એડવોકેટ

જે શ્રી ઓ. એલ. પોપટ દ્વારા સને ૧૯૬૧ માં સ્થાપેલ નામાંકિત પેઢી મે. ઓ. એલ. પોપટ & કંપનીમાં GST, INCOME TAX, AUDIT, LIC વગેરે સેવાઓના સલાહકાર તરીકે ૧૩ વર્ષથી શ્રી હરેનભાઇ ઓ. પોપટ – એડવોકેટ સાથે કાર્યરત છે. તેમજ તેઓની પેઢી સને ૧૯૮૫ થી "MTMA" સાથે સંકળાયેલ છે.





## ભૂતપૂર્વ મેમ્બરની કલમે...



**- શ્રી દિનેશભાઇ ખંભાયતા**
(ગુજરાત લેથ મેન્યુ. કુ. પ્રા. લી., રાજકોટ)
(MTMA સાથે ૧૯૯૫ થી સંકળાયેલા, ૨૦૦૩-૨૦૦૫ કારોબારી સભ્ય, ૨૦૦૫-૨૦૧૫ સેક્રેટરી, ૨૦૧૫-૨૦૧૭ પ્રમુખ, ૨૦૧૭-૨૦૧૯ ઉપ-પ્રમુખ)

આપણે સૌ જાણીએ છીએ એમ મશીન ટૂલ્સ ઇન્ડસ્ટ્રીનો ગ્રોથ મેન્યુફેક્ચરીંગ સેક્ટર સાથે જોડાયેલ હોય છે, જેમાં મહત્તમ ફાળો ઓટોમોબાઇલ સેક્ટર હોય છે. હાલમાં ઓટોમોબાઇલ સેક્ટરમાં ચાલી રહેલ મંદીની અસર આપણી મશીન ટૂલ્સ ઇન્ડસ્ટ્રીમાં જોવા મળે છે.

ભારતમાંથી સૌથી વધારે વધુ વિદેશી હુંડિયામણ ક્રુડ ઓઇલ આયાત કરવામાં વપરાય છે. દિનપ્રતિદીન વાહનોની સંખ્યામાં વધારો થતાં પોલ્યુશન ની સમસ્યા પણ વધતી જાય છે. આ બાબતોને ધ્યાનમાં લઈને સરકારની નવી પોલિસી મુજબ Electric Vehicle (EV) ને પ્રોત્સાહન આપવા પ્રયત્નશીલ છે ભવિષ્યમાં જ્યારે EV નું પ્રોડક્શન વધશે ત્યારે એન્જીન એસેમ્બલી તથા અમુક અંશે ટ્રાન્સમિશન એસેમ્બલીનું પ્રોડક્શન બંધ થઈ જશે, જેની મોટી અસર ઉપર મશીન ટૂલ્સ ઇન્ડસ્ટ્રી ઉપર આવે તેવી શક્યતાઓ છે.

દેશમાં વધતી જતી બેરોજગારીની રાડારાડ પછી પણ, આપણા સામાન્ય અનુભવ મુજબ, આપણી ઇન્ડસ્ટ્રીમાં લગભગ દરેક ની ફરિયાદ હોય છે કે મેનપાવર મળતો નથી. કદાચ એનું એક કારણ એવું પણ હોઈ શકે કે આ બેરોજગારોને મશીન ટૂલ્સ ઇન્ડસ્ટ્રીમાં કામ કરવું ફાયદાકારક લાગતું નથી. જેથી હવે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં CNC ટેકનોલોજી તથા શક્ય હોય તેટલું ઓટોમેશન કરવાની જરૂરિયાત ઊભી થઈ રહેલ છે. મશીન ટૂલ્સ ઉત્પાદકોએ હવે શક્ય હોય એટલું ઓટોમેશન, સોલ્યુશન બેઈઝડ પ્રોડક્ટસ તથા મિનીમમ મેનપાવર થી ચાલી શકે તેવી પ્રોડક્ટસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈશે.

મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં દેશભરમાં વપરાતા મશીનો ઉપર હજારોની સંખ્યામાં એક્સીડન્ટ થતા હોય છે, જેમાં મશીન ઉપર કામ કરતા વર્કર્સને સામાન્ય, ગંભીર કે જીવલેણ ઈજાઓ પણ થતી હોય છે. જેને ધ્યાનમાં લઈને મિનિસ્ટ્રી ઓફ ઇન્ડસ્ટ્રીઝ, ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા તરફથી મશીનરીના ઉત્પાદનમાં 'ઓમ્નીબસ ટેકનિકલ રેગ્યુલેશન ફોર સેફટી ઓફ મશીનરી'* ને ફરજિયાત લાગુ કરવા માટે વિચારી રહેલ છે. આ આવનાર એક્ટમાં, મશીન મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં સેફ ડિઝાઇન, સેફ કન્સ્ટ્રક્શન અને પ્રોપર ઇન્સ્ટોલેશન અને મેન્ટેનન્સ ને ધ્યાનમાં રાખી પોલીસ નક્કી કરવા વિચારી રહેલ છે. જેને કારણે હાલમાં પ્રવર્તમાન મેન્યુફેક્ચરિંગ સિસ્ટમમાં ઘણા સુધારાઓ કરવાની જરૂરિયાત ઊભી થઈ શકે એમ છે

મશીન ટૂલ્સ ક્ષેત્ર સાથે જોડાયેલ લોકોએ આ મુદ્દાઓને ધ્યાનમાં લઈ અને વધુ સારા ઉજ્જવળ ભવિષ્ય માટે ટેકનોલોજી અપગ્રેડેશન, ઓટોમેશન ડેવલોપમેન્ટ, R & D, કાર્યપ્રણાલીમાં સુધાર, વિગેરે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી લાગે છે.

** આ માટેની વધુ વિગતો જાણવા તમે નીચેની લીંકથી એક PDF ફાઈલ (English ભાષામાં) ડાઉનલોડ કરી શકો છો.*

https://www.gpqi.org/vorschau-studien/making-safe-machines-a-standard-in-india.html?file=files/upload/india/documents/Making_Safe_Machines_A_Standard_In_India.pdf

## આમંત્રિત લેખકની કલમે...

વંદે માતરમ...

લોકો આપણને ઘણી વાર એમ કહેતા હોય છે કે આ 30 વર્ષ જૂનો કિલોસ્કર કે HMT નો લેથ છે, બહુ જ વાપર્યો, હજુ પણ ચાલે છે, આજે પણ આ અપ–ટુ–ડેટ કામ આપે છે ત્યારે એક સાચા રાજકોટવાસી તરીકે દિલ દુભાય છે.

આજે મશીન ટૂલ્સ દુનિયામાં રાજકોટનું નામ લેવાય છે, રાજકોટના બહુ ઓછા મશીનો માટે કોઈ એમ ગર્વથી કહેવાતું હોય છે કે આ રાજકોટ નું મશીન 30 વર્ષથી આજે પણ ટનાટન ચાલે છે. કારણકે આજે તો બે–પાંચ વર્ષમાં જ મશીન ખખડી જાય છે કે વારંવાર મેઈનટેનન્સ આવે છે. આપણે નકલખોરીના નિષ્ણાત છીએ, પણ ગુણવત્તાની 'નકલખોરી' માં તો સાવ નબળા છીએ. સામાન્ય રીતે જોઈએ તો અહીંના કામ માં કોઈ ઈનોવેટિવ કામ કે નાનું R & D પણ જોવા નથી મળતું. બસ કોપી–પેસ્ટ અને થોડા થોડા બ્યુટીફીકેશન ના ફેરફાર કરી અને આપણે તેનો ગર્વ અનુભવીએ છીએ. હા, આપણે SPM પણ બહુ ઉચ્ચ કક્ષાના બનાવીએ છીએ, પણ જો કોઈ ઓર્ડર આપે તો જ.

પહેલા એમ કહેવાતું કે જાપાન એટલે નકલખોરી નો માહેર દેશ, જાપાનિઝ ટૂલ્સ સાવ સસ્તા આવતા, સંપૂર્ણપણે યુરોપની નકલખોરી કરી, પણ ગુણવત્તા ન છોડી, ક્રિએટિવિટી ન છોડી. જાપાન.. એકમાત્ર એવો દેશ જેણે એટમ બોમ્બનો પ્રકોપ બે વાર સહ્યો છે, છતાંપણ આજે જાપાન G7 નું સભ્ય છે અને દરેક જાપાનીઝ વસ્તુ ગ્રેડ–૧ ની હોય છે.

ક્યારેય વિચાર્યું છે કે કિલોસ્કરનો લીડ સ્ક્રુ અને બધી શાફ્ટ EN-8D થી નીચા ગ્રેડની ક્યારેય ન હોય. હાર્ડનન્ડ બેડના લેબલ મારીએ પણ હોવી જરૂરી નથી એવું આ શહેરમાંથીજ જાણવા મળ્યું હશે. એલોય સ્ટીલ એટલું મોંઘુ નથી કે ના પોસાય, ફક્ત ગુણવત્તા તરફ માઈન્ડ–સેટ કરવાની જરૂર છે. VSP ના EN-8 બાર ની કીમત VSP ના MS બારથી ફક્ત દોઢ રૂપિયો વધારે છે. પણ સસ્તું કરવાની દોડમાં STANDARD MS પણ નથી વાપરતા. EN-8D ના લીડ સ્ક્રુ STANDARD MS કરતા ત્રણ ગણી વધુ લાઈફ આપે છે, એ કદાચ આપ જાણતા જ હશો. એજ રીતે ગીયર્સ, સ્પીન્ડલ, વિ. માટે જે જરુરી મટેરિયલ વાપરવું જોઈએ એને મોટાભાગના લોકો કદાચ ભૂલી ગયા છે અને જે જાણે છે અને વાપરે છે તેઓ માર્કેટ લીડર છે જ, એમાં કોઈ શંકા ને સ્થાન નથી.

જયારે તમે પોતે તમારી પ્રોડક્ટના કસ્ટમર થઈને વિચાર કરશો, ત્યારે તમને કદાચ આ વાત સમજાય અને મારા મત મુજબ આ વાત સમજવી હવેતો ખુબ જરૂરી છે.

તો આવો પ્રણ લઈએ કે મારી પ્રોડક્ટ વધુ સારી બનાવતો રહીશ, ક્રિએટિવ અને ક્વોલીટી આપતો રહીશ.

આવો... થોડો હટકે વિચાર કરીએ.... બધા 30 વર્ષ પછી પણ કહે ગર્વ થી કહેવા જોઈએ કે આ રાજકોટનું મશીન છે, હજુ પણ ચાલે છે, આજે પણ આ અપ–ટુ–ડેટ કામ આપે છે અને મશીન–ટૂલ્સ માટે રાજકોટ સિવાય ક્યાય જવાની જરૂર જ નથી.



- શ્રી દુશ્યન્તભાઈ
(આદિત્ય સ્પેશ્યલ સ્ટીલ્સ-રાજકોટ)





## MTMA Delegation at various Exhibitions and Summits



## MTMA કેલેન્ડર : 1st event Goal

| No. | Date | Details | City | Duration |
|---|---|---|---|---|
| 1 | October | Seminar on Error Culture Management | Rajkot | 1 Day |
| 2 | November | Seminar on Effective Customer Complaint Handling | Rajkot | 1 Day |
| 3 | December | Seminar on Goal Setting | Rajkot | 1 Day |
| 4 | December | Engimach 2019 – Group visit | Gandhinagar | 1 Day |
| 5 | February | Seminar on Effective Communication Skill | Rajkot | 1 Day |

- ઉપરોક્ત કાર્યક્રમ ની તારીખ અને અન્ય માહિતીઓ દરેક મેમ્બર્સને યોગ્ય સમયે જાણ કરવામાં આવશે.
- ઉપરોક્ત કાર્યક્રમમાં અનિવાર્ય સંજોગોને આધીન ફેરફાર થઇ શકે છે.

## મશીન ટૂલ્સ એકસીબીશન કેલેન્ડર (આવતા 3 મહિના માટે)

| No. | Date | Details | City | Frequency |
|---|---|---|---|---|
| 1 | 08.10.19 to 11.10.19 | VIIF – 2019, Vietnam International Industrial Fair | Hanoi, Vietnam | Every Year |
| 2 | 10.10.19 to 12.10.19 | METALEX VIETNAM–2019 (Part Country 2019–INDIA) | HCMC, Vietnam | Every Year |
| 3 | 12.10.19 to 16.10.19 | MAKTEK EURASIA | Istanbul, Turkey | Every 2 Years |
| 4 | 15.10.19 to 19.10.19 | CANTON FAIR – PHASE 1 | Guangzhou, China | Every 2 Years |
| 5 | 17.10.19 to 19.10.19 | MUMBAIWOOD | Mumbai | Every 2 Years |
| 6 | 27.10.19 to 30.10.19 | EURO-BLECH | Hannover, Germany | Every 2 Years |
| 7 | 04.12.19 to 08.12.19 | ENGIMACH 2019 | Gandhinagar | Every 2 Years |
| 8 | 07.11.19 to 09.11.19 | INDUSMACH AFRICA 2019 | Dar-E-Salaam, Tanzania | Every Year |
| 9 | 24.11.19 to 27.11.19 | INDIA INDUSTRIALFAIR 2019 | Rajkot | Every Year |
| 10 | 07.12.19 to 12.12.19 | JIMTOF | Tokyo, Japan | Every Year |

- ઉપરોક્ત માહિતી આયોજકોના સર્ક્યુલર, ઇમેલ અને ઓનલાઈન ડેટા માંથી લીધેલ છે.
- MTMA ઉપરની કોઈપણ માહિતીની ખાતરી આપવા માટે બંધાયેલ નથી.





SANTOSHI ELECTRO. ENGINEERING

CNC, PLC, SPM, Machine Control Panel Builder and AC, DC Drives and Industrial Machine Panel Maintenance

Automation Solution



Samrat Ind. Area, Street No. 3/6 Corner, B/h ST Work Shop, Nr. Chandan Marble, Gondal Road, Rajkot - 360004 | Ph.: 0281 2365806 | Mo.: +91-9925025806, 9925797917
Email : santoshi.electro@gmail.com | Web : www.santoshielectroengineering.com

## છેલ્લે એક નાની વાત...

પ્રણવ એક બહુરાષ્ટ્રીય કંપનીમાં સૌથી સફળ સીનીયર મેનેજર હતો. માત્ર કામમાં જ નહી પણ આપસી મેળ અને વ્યકતિગત પ્રમોશનમાં પણ પ્રણવની ટીમ સૌથી સરસ ગણાતી અને તે ટીમના દરેક સભ્યને પોતાના પરિવારની જેમ માનતો. કંપનીએ નક્કી કર્યું કે પ્રણવને ખાસરીતે સમ્માનિત કરવા એક મોટો કાર્યક્રમ આયોજિત કર્યો, જેથી એ પોતાના અનુભવ બધાની સાથે શેયર કરી શકે. જ્યારે તેને મંચ પર પૂછવામાં આવ્યું કે એવો કયો વિચાર છે જે તમારામાં આટલી ઉર્જા ભરી નાખે છે?

પ્રણવ બોલ્યો "આજે હું તમને મારા જીવનના એક સાચો અનુભવ સંભળાવું... મારું બાળપણ ખૂબજ સાધારણ રહ્યું છે. મારી બા બીજાના ઘર સાફ–સફાઈનો કામ કરતી હતી અને મારા પિતાજી દરરોજના મુજબ મજૂરી કરતા હતા, છતાંપણ મારા અભ્યાસ કે કોઈ પણ જરૂરમાં તેમણે ક્યારેય કોઈ કમી નથી આવવા દીધી.

મને યાદ છે, એક દિવસ રોટલી શેકવામાં ખૂબ બળી ગઈ હતી, હું બેઠો બેઠો જોઈ રહયો હતો કે કોણ કેવી રીતે ખાશે? પિતાજી પર તો જાણે કોઈ અસર જ ન થઈ. તેમણે બળેલી રોટલી ઉપાડી અને શાક સાથે ખૂબ મજાથી ખાવાની શરૂ કરી દીધી. માએ જોયું અને બોલી કે માફ કરજો આજે જલ્દીમાં રોટલી જરાક બળી ગઈ છે. પિતાજી બોલ્યા– મને બળેલી રોટલી જ વધારે પસંદ છે અને તેમાં સ્વાદ પણ છે. જ્યારે મા ત્યાંથી ચાલી ગઈ તો મે પિતાજીથી પૂછ્યું– શું તમને સાચે બળેલી રોટલી પસંદ છે? પિતાજી બોલ્યા– ના બેટા ના, પણ આજે તારી બા બહુ થાકી ગઈ હોય એવું લાગ્યું અને એક દિવસ બળેલી રોટલી ખાવાથી હું માંદો તો પડીશ નહી. પણ તારી માને શાંતિથી ઉંઘ આવી જશે.

મિત્રો તે દિવસથી મે શીખ્યું કે દરેક માણસની અંદર કમી હોય છે. દરેક ક્યારેક ને ક્યારેક ભૂલ કરે છે. પણ જો તમે તેની ભૂલને ઉભારવાની જગ્યા તેને સુધારવાની કોશિશ કરશો, તો એકબીજાની તાકાત બનીને ,એક સરસ આવતીકાલનું નિર્માણ કરી શકો છો."







## ASSOCIATION'S COMMITTEE LIST - 2019-20 / 2020-21

| No. | Committee | Members Name | Contact |
|---|---|---|---|
| 1 | Office Building Committee | Mr. Yogin Chhaniara<br>Mr. Karan Parmar<br>Mr. Brijesh Sapariya<br>Mr. Piyush Dodia | 9825075023<br>9227744900<br>9825267325<br>9426734687 |
| 2 | Bearing Committee | Mr. Sachin Nagewadia<br>Mr. Ketan Gajera<br>Mr. Jiten G. Ravani | 9426900070<br>9998844445<br>9426269875 |
| 3 | Exhibition & Seminar Committee | Mr. Tejas Dudakiya<br>Mr. Yogin Chhaniara<br>Mr. Karan Parmar<br>Mr. Bipin Siddhapura | 9824231975<br>9825075023<br>9227744900<br>9898858313 |
| 4 | Members Directory & Web Portal Committee | Mr. Haresh Patel<br>Mr. Ashwin Kawa<br>Mr. Deval Ghorecha<br>Mr. Ghanshyam Parmar | 9825211988<br>9825076452<br>9824222448<br>9825216374 |
| 5 | Membership Committee | Mr. Karan Parmar<br>Mr. Brijesh Sapariya<br>Mr. Rajesh Dodia | 9227744900<br>9825267325<br>9824088998 |
| 6 | Sports Committee | Mr. Kanaksinh Gohil<br>Mr. Sachin Nagewadia<br>Mr. Brijesh Sapariya | 9824324398<br>9426900070<br>9825267325 |
| 7 | Cluster Development, Bulletin & other Activity Committee | Mr. Deval Ghorecha<br>Mr. Yogin Chhaniara<br>Mr. Tejas Dudakiya<br>Mr. Kanaksinh Gohil | 9824222448<br>9825075023<br>9824231975<br>9824324398 |
| 8 | Account / Charity Commissioner & Taxation Committee | Mr. Kanaksinh Gohil<br>Mr. Yogin Chhaniara<br>Mr. Bipin Siddhapura | 9824324398<br>9825075023<br>9898858313 |